જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૫/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૧૨ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૧ વ્યક્તિને ઝડપી, રોકડ રૂપિયા ૯૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૮૧૧/૧૬**

**નરોડા :** અમરનાથસિંગ ધર્મનાથસિંગ રાજપુત (રહે.સંત આશારામ સોસાયટી, નોબલનગર ટર્નીંગ પાસે, કોતરપુર, સરદારનગર) એ તા.૩૦/૪/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૪/૧૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાની સાથે રહેતો પોતાનો ભાઇ આરોપી વિક્કીસિંગ ધર્મનાથસિંગ રાજપુતનો કોઇ બાબતે પોતાના પિતા સાથે ઝઘડો થતાં, વિક્કીસિંગે પોતાના પિતા ધર્મનાથસિંગને શરીરે માર મારતાં, તેમને સારવાર અર્થે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૪/૧૬ સવારનાં ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.બી.રાણા ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૧૨/૧૬**

**સરદારનગર : (૧)** ધીબુભાઇ હીરાભાઇ મેરીયા (રહે.શાસ્ત્રીચોક ચામુંડા મંદિર પાછળ, કુબેરનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૪/૧૬ નાં કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી રવીના (ઉ.વ.૧૬) અને ધીબુભાઇનાં પિતરાઇ ભાઇનો પુત્ર દિપક (ઉ.વ.૧૫) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**(૨)** ગુલાબભાઇ સોઇજારામ મેરચંદાણી (રહે.સી" વોર્ડ, પાણીની ટાંકીની બાજુમાં, કુબેરનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૪/૧૬ બપોરનાં ૪/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક કુબેરનગર બજારમાંથી પોતાની પુત્રી પુજા (ઉ.વ.૧૫) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**કૃષ્ણનગર** : (૧) દિપકભાઇ જયસુખભાઇ રાઠોડ (રહે. અમરદીપ પાર્ક એપાર્ટમેન્ટ, ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૪/૧૬ બપોરનાં ૨/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર ધ્રુમીલ (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**(૨)** નવીનચંદ્ર બાબુભાઇ ગોહેલ (રહે. ફેદેલી સૈજપુર ભગવતી ચોક, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૪/૧૬ સવારનાં ૯/૪૫ વાગ્યાના સુમારે સૈજપુર જી.ડી.હાઇસ્કુલ ખાતે ધોરણ ૧૧ નું રીઝલ્ટ લેવા ગયેલ પોતાનો પુત્ર પાર્થ (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**સોનાનું મંગળસુત્ર ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૧૩/૧૬**

**નરોડા** : શાપીતાબહેન રાજેશભાઇ એરવા (રહે.કુદરત રેસીડન્સી, નવયુગ સ્કુલની બાજુમાં, નરોડા) તા.૩૦/૪/૧૬ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે રૂદ્રાક્ષ હોસ્પીટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શાપીતાબહેનના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શાપીતાબહેન એરવા એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**દિવાલ પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૧૪/૧૬**

**ગુજરાત યુનિવર્સીટી** : અર્જુન ઉર્ફે અજમલ મોહનલાલ રાઠોડ (ઉ.વ.૨૪)(રહે.મારવાડીની ચાલી, કાનજીભાઇ રબારીનાં મકાનમાં, શાહપુર) તા.૩૦/૪/૧૬ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારે દર્પણ સર્કલ, ઇન્કમટેક્ષની વસાહત, બ્લોક નં.ડી/૧૯ નાં રજવાળા જર્જરીત મકાનનું રીનોવેશનનું કામ કરતાં હતા દરમ્યાન જર્જરીત દિવાલ અર્જુનભાઇ ઉપર પડતાં, દટાઇ જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માતમોત નોધી,આ અંગેની તપાસ પોસઇશ્રી જે.આર.ભાચકન ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)